# સ્વદેશી પીણું આપનાર હજૂરીબ્રધર્સ

**કૌન કહેતા હૈ આસમાન મેં સુરાગ નહીં હોતા,**
**એક પથ્થર તો તબીયત સે ઉછાલો યારો,**

દુષ્યંત કુમારની આ કવિતા જેમ સાહિત્ય જગતમાં અમર થઇ ગઇ છે તેમ સુરતના હજૂરી બ્રધર્સનું સાહસ પણ આજે ઠંડાં પીણાંની દુનિયામાં નામ કરી રહ્યું છે. આ એ સમયની વાત છે જ્યારે ભારત ગુલામીમાં ખદબદતું હતું ત્યારે સુરતના હજૂરી બ્રધર્સે અંગ્રેજોને પણ સ્વદેશી પીણું પીવડાવ્યું હતું. ૧૯૨૩માં જ્યારે અબ્બાસ હજૂરીના કાકા કે જેમનું નામ પણ અબ્બાસ જ હતું તેમણે સાહસ કરીને આ કંપની ચાલુ કરી હતી ત્યારે તેમને કદાચ આશા પણ નહીં હોય કે વર્ષ ૨૦૧૮માં તેમની ચોથી પેઢી યુ.કે, યુ.એસ, કેનેડા, આફ્રિકા, ગલ્ફ કન્ટ્રીઝમાં સોસિયોને લઇ જશે પણ સુરતની ધરા પર આ લીગસી ક્રીએટ કરી છે હજૂરી બ્રધર્સે.

સોસિયોની બોટલમાંથી સિપ લેતાં અબ્બાસ હજૂરીએ દિલ ખોલીને સોસિયોની જન્મગાથા સંભળાવતાં કહ્યું કે, 'મારા કાકાએ આ કંપની ચાલુ કરી હતી પરંતુ તેઓ જન્નત નશીન થતાં મારા પિતાએ નાની ઉંમરમાં એટલે કે માત્ર ૧૭ વર્ષની ઉંમરે હજૂરી બ્રધર્સ કંપનીનું સુકાન સંભાળવું પડ્યું હતું. આ એ સમય હતો જ્યારે ભારતમાં ગુલામી હતી અને ત્યારે ફોરેન ડ્રિંક્સનું ચલણ ખૂબ જ વધારે હતું. ગાંધી બાપુએ ત્યારે સ્વદેશી ચળવળ ચાલુ કરી હતી. તેથી મારા પિતાએ સ્વદેશી પીણું તરીકે અલગ જ પ્રકારના ફ્લેવરનું પીણું 'સોસિયો' બનાવ્યું હતું. આપ સૌ કોઇને નવાઇ લાગશે કે સોસિયો નામ સોશિયોલોજી પરથી રાખવામાં આવ્યું હતું, જે સોકિયો હતું પરંતુ બધાં લોકો તેને સોસિયો તરીકે જ બોલતા હતા તેથી તે પછીથી સોસિયોમાં કન્વર્ટ થઇ ગયું.




**સોસિયો નામ સોશિયોલોજી પરથી રાખવામાં આવ્યું હતું, જે સોકિયો હતું પરંતુ બધાં લોકો તેને સોસિયો તરીકે જ બોલતા હતા તેથી તે પછીથી સોસિયોમાં કન્વર્ટ થઇ ગયું.**

સોસિયો તેના ટેસ્ટ માટે વધારે પીવાય છે ત્યારે પહેલાં સોસિયોને ફીકી, તીખી અને મીઠી તરીકે ઓળખવામાં આવતી હતી.ત્યાર પછી એસઓએસવાયઓ - સોસિયો એ રીતે તેનું માર્કેટિંગ કરવામાં આવ્યું હતું. સોસિયો જેટલો ટેસ્ટી લાગે છે તેટલી જ તેની સ્ટ્રગલીંગ સ્ટોરી પણ છે કારણ કે સોસિયોની ડાયરેક્ટ બીટ ફોરેન ડ્રિન્કની સાથે હતી. લોકોએ સ્વદેશી પીણું સારું અપનાવ્યું પણ ૧૯૯૬ના સમયમાં ગુજરાતમાં રાતોરાત ઠંડાં પીણાંની ફેક્ટરીઓ ખૂલી ગઇ અને તેઓએ સોફ્ટ ડ્રિન્કની પ્રાઇસ એકદમ ઘટાડીને પાંચ રૂપિયા કરી દીધી. ત્યારે અમે ઘણા પાછા પડ્યા હતા પરંતુ અમારા અમદાવાદ અને રાજકોટના ફ્રેન્ચાઇઝી ઓનરને બોલાવીને અમે નક્કી કર્યું કે આપણે પણ સોસિયોનો ભાવ પાંચ રૂપિયા કરીએ. તો પણ અમને ઘણી તકલીફ પડી હતી. પરંતુ મારા મોટા ભાઇએ સલાહ આપી કે સોસિયોનું પેકેજીંગ બદલવું જોઇએ અને બદલતાંની સાથે જ અમારી બ્રાન્ડ એકદમ ટોપ પર આવી ગઇ હતી.' પોતાના ધ્યેય વિશે હજૂરી બ્રધર્સની ચોથી પેઢીના અલી અસગર હજૂરી કહે છે કે અમે આખી દુનિયામાં ઇન્ડિયાનું પોતાનું પીણું આપવા માંગીએ છીએ, દુનિયાના ૧૦૦ બ્રાન્ડમાં અમારું નામ લિસ્ટીંગ કરાવવાનું અમારું સ્વપ્ન છે. અમે વર્લ્ડનું અલ્ટીમેટ ડ્રિન્ક સોસિયોને બનાવવા માંગીએ છીએ. હજૂરી બ્રધર્સ નવી પેઢીને પણ સાથે રાખીને આગળ વધી રહ્યું છે. આજના મોડર્ન યુગ પ્રમાણે સોસિયો મોકટેલ્સની ચેઇન ખોલવામાં આવી છે. આ ઉપરાંત ભારતના છ જેટલાં રાજ્યોમાં મેન્યુફેક્ચરીંગ યુનિટ છે ઉપરાંત આફ્રિકા, ગલ્ફમાં પણ હજૂરી બ્રધર્સના ઠંડાં પીણાં બની રહ્યાં છે.

સોસિયો ઉપરાંત અમેરિકા અને યુ.કે જેવા દેશોમાં કાશ્મીરા સોડા ખૂબ જ પ્રખ્યાત છે જે યુએસના વોલમાર્ટ, યુકેના બુકર્સ સ્ટોર્સ અને ગલ્ફના પણ બ્રાન્ડેડ સ્ટોર્સમાં એક્સપોર્ટ થઇ રહ્યા છે. આજે દિવસે ને દિવસે સોસિયોની લોકચાહના વધી રહી છે. હજૂરી બ્રધર્સ પોતાનું શ્રેય ગ્રાહકોને આપતા કહે છે કે અમે ૧૦૦ વર્ષ પૂરાં કરવા જઈ રહ્યા છીએ ત્યારે ગર્વ છે કે ભારતની પાસે પોતાનું સ્વદેશી પીણું છે અને અમે આજે પણ એમ જ કહેતા હોઇએ છીએ કે જેમ ગુજરાત મિત્ર સુરતનું છાપું છે તેમ સોશિયો સુરતનું પીણું છે.

વધુ જાણવા QR સ્કેન કરો



Excellence is not a skill it's an attitude. - Ralph Marston